જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૨૨ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૮૩/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૦૩/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૮૮,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેર તેમજ અન્ય શહેર માથી છેતરપીંડી કરીને મેળવેલા અને સસ્તા ભાવે વહેચેલા કેમેરા તથા લેન્સ તથા કેમેરા એસેસરીઝ તથા ગુનાના કામે વાપરેલ સ્વીફ્ટ ગાડી સાથે કુલે રૂ ૧૫,૨૬,૬૦૦ /- ના મત્તાનો મુદ્દામાલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી કરતા નવા નરોડા પોલીસ ચોકી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૨ ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મુકેશ પટેલ ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી વી.એન.યાદવ સાહેબ "જી" ડીવિજન નાઓની સુચના તથા કૃષ્ણનગર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.જે. ચૌહાણ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સંબંધી બનેલ ગુના શોધી કાઢવા પો.ઇન્સ. શ્રી નાઓની સચુના મુજબ કામગીરી અર્થે નવા નરોડા પોલીસ ચોકીના પો.સબ.ઇન્સ.પી.કે.ગોહિલ તથા મ.સ.ઇ એમ.એ.વણકર, હે.કો રાજેશકુમાર ધુળાભાઇ , પો.કો.અનિરુધ્ધસિંહ બાલુસિંહ તથા લો.ર. હરેશકુમાર બાબુલાલ નાઓએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુરન. ૧૧૧૯૧૦૧૩૨૨૦૬૦૭/૨૦૨૨ ધી ઇપીકો કલમ.૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના કામના ફરીયાદીશ્રીની ફરીયાદના કામે ગઇ તા ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદીના મો.ન ઉપર પરેશભાઇ ઉર્ફે પાર્થ શાહ મોબાઇલ નંબર ૮૧૪૦૬૨૧૯૯૦ થી ફોન આવેલ અને ફરીયાદીને કહેલ કે અમારા કેમેરામેનનો એકસીડન્ટ થયેલ છે અને પ્રી વેડીંગ શુટ કરવાનુ છે તેવુ કહી ફરીયાદીને વિશ્વાસમા લઇ તા-૦૩/૦૭/૨૦૨૨ ના કલાક ૦૪/૨૫ વાગ્યાના સુમારે પરેશભાઇ ઉર્ફે પાર્થ શાહ જેનો ઉપરોક્ત મો.નંબરથી ફોન આવેલ કે અમો ફ્લેટ નીચે આવી ગયેલ જેથી ફરીયાદી તેમના કેમેરાની બેગ લઈને નીચે આવેલ અને આરોપી પરેશભાઇ ઉર્ફે પાર્થ શાહની લાવેલ સ્વીફ્ટ ગાડીમા ફરીયાદી બેસીને ફરીયાદીની નિકોલ ખાતે દુકાને આવેલ અને ત્યા ફરીયાદી આરોપીની ગાડીમા તેમનો સોની એ/૭/માર્ક/૪ કેમેરો તથા તેનો લેન્સ તથા ૩૬૦ ડિગ્રી કેમેરો તથા એ.ડી ૨૦૦ ફલેશ તથા ૬૮૫ ફ્લેશ તથા મેમેરી કાર્ડ જે તમામની કિ રૂ ૫,૫૦,૦૦૦/- ગણી શકાય તે ગાડીમા મુકીને ફરીયાદી તેમનો બીજો સામાન લેવા પોતાની દુકાનમા જતા આરોપી પરેશભાઇ ઉર્ફે પાર્થ શાહ તથા તેની સાથેનો હિતેશ રાવળ ગાડી લઈને ભાગી ગયેલ હોય જે બાબતે તપાસ કરતા આરોપીનો મોબાઇલ નંબર DEACTIVE થયેલ જેની કોલ-ડીટેલ માહીતી મળી શકેલ નહી.જેથી પો.સબ.ઇન્સ પી.કે.ગોહિલ તથા અ.લો.ર હરેશકુમાર બાબુલાલ બ.ન ૧૧૨૩૭ તથા અન્ય સ્ટાફની ટેકનીકલ તજવીજથી આરોપીનો અલ્ટરનેટ મોબાઇલ નંબર મેળવી વડોદરા,ગોધરા તથા ભાવનગર ખાતેથી આ છેતરપીંડીથી મેળવેલ કેમેરાઓ તથા કેમેરા લેન્સીસ  તથા કેમેરા એસેસરીઝ અને ગુનાના કામે વપરાયેલ સ્વીફ્ટ ગાડી શોધી લઈ કબ્જે કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

જેમા કૃષ્ણનગર પો.સ્ટે. તથા કાગડાપીઠ પો.સ્ટે. તથા ગોધરા શહેર ખાતેથી છેતરપીંડીથી મેળવેલા અને અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે. ૦૩/૦૮/૨૦૨૨

## પકડાયેલ આરોપી

(૧)પુરવકુમાર મહેંદ્રકુમાર જાતે.શાહ ઉ.વ.૩૯ ધંધો.વેપાર રહે,બી/૧૦૩,સૌંદર્ય બેઝીક, ડિ-માર્ટ સામે, ન્યુ વી.આઇ.પી ખોડીયારનગર,વડોદરા શહેર

(૨) હિતેષભાઇ રાજુભાઇ જાતે.રાવળ ઉ.વ.૨૮ રહે, સી/૨૦૧, માં રેસિડેન્સી, ડિ-માર્ટ પાછળ,ન્યુ વી.આઇ.પી ખોડીયારનગર,વડોદરા શહેર.

(૩) મનોજભાઇ શાંતીભાઇ પરમાર ઉ.વ.૪૨ રહે, પ્લોટ ૧૦૯૩ લક્ષ્મી-મંડપ સર્વિસ આંબાવાડી નાથાલાલ યાદવના મકાનમા ભાવનગર શહેર

## વોન્ટેડ આરોપી

પાર્થ હિરેનભાઇ જાતે શાહ રહે મજમુદાર ફળીયુ,ગોધરા

## ડિટેકટ કરેલ ગુનાઓ તથા રિકવર કરેલ મુદ્દામાલની વિગત

| અ.નં | રીકવર કરેલ મુદ્દામાલ | રિમાર્કસ |
|---|---|---|
| ૧ | કૃષ્ણનગર પો-સ્ટે ગુ.ર.ન ૬૦૭/૨૦૨૨ ના કામે સોની એ/૭/માર્ક/૪ કેમેરો તથા તેનો લેન્સ તથા ૩૬૦ ડિગ્રી કેમેરો તથા એ.ડી ૨૦૦ ફલેશ તથા ૬૮૫ ફ્લેશ તથા મેમેરી કાર્ડ જે તમામની કિ રૂ ૪,૫૦,૫૦૦/- તથા સ્વીફ્ટ ડીઝાયર ગાડી તેમજ મો.ફોન | કુલ મુદ્દામાલ કિ રૂ ૯,૬૩,૫૦૦/- |
| ૨ | કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.ન ૦૭૪૭/૨૦૨૨ ઇપીકો ૪૦૬,૪૨૦ મુજબ કાળા કલરની બીગ સ્ટફ કંપનીની બેગ એક કેનન કંપનીનો કેમેરો જેનો સીરીયલ નંબર 178226000098 / 8214001076 તેમજ એક કેનન કંપનીનો લેન્સ ૭૦/૨૦૦ એમ.એમ તેમજ એક કેનન કંપનીનુ બેટરી ચાર્જર છે. | કુલ મુદ્દામાલ કિ રૂ ૨,૦૨,૦૦૦/- |
| 3 | એક વાદળી તથા કાળા કલરની fi tech કપનીની બેગ જેમા નિકોન કંપનીનો D7200 કેમેરો જેનો સીરીઝ નં 7349208 તથા નિકોન કંપનીનો લેન્સ ૧૮/૧૪૦ એમ.એમ તેમજ એક નિકોન કંપનીનો ૩૫ એમ.એમ લેન્સ તેમજ ટામરોન કંપનીનો ૭૦/૩૦૦ એમ,એમ લેન્સ તેમજ બે નિકોન બેટરી ચાર્જર તથા ત્રણ બેટરી તેમજ ટાઇ.ફાઇ કંપનીની એલ.ઇ.ડિ લાઇટ તેમજ રીચાર્જેબલ સેલ તથા અલગ ક્ષમતા વાળા મેમરી કાર્ડનુ પારદર્શક બોક્સ. | કુલ મુદ્દામાલ કિ રૂ ૧,૧૧,૫૦૦/- |

| | | |
|---|---|---|
| ૪ | એક કાળા કલરની મોબીયસ કંપનીની બેગ જેની ઉપર અગ્રેજીમા 'M' ની ડીઝાઇન દોરેલ છે તે બેગ ખોલી જોતા તેમા નિકોન કંપનીનો ૮૦/૨૦૦ એમ.એમ લેન્સ જેનો સીરીયલ નં નથી તેમજ એક બ્લુ બેરી કંપનીની ફ્લેશ લાઇટ તેમજ સીમ્પેક્ષ કંપનીની ફ્લેશ લાઇટ તેમજ ટાઇ.ફાઇ કંપનીનુ બેટરી ચાર્જર | કુલ મુદ્દામાલ કિ રૂ ૫૩,૨૦૦/- |
| ૫ | એક કાળા કલરની ડીજીટલ કંપનીની બેગ જેની ઉપર અંગ્રેજીમા M ની ડીઝાઇન દોરેલ છે તે બેગ ખોલી જોતા એક પાનાસોનીક કંપનીનો વિડીયો કેમેરો મોડલ નં AGAC કેમેરો Sr.no. નથી તેમજ એક ચાર્જીગ કેબલ તેમજ એક પાનાસોનીક બેટરી ચાર્જર તથા બે બેટરી | કુલ મુદ્દામાલ કિ રૂ ૨૬,૬૦૦/- |
| ૬ | એક વાદળી કલરની બીગ સ્ટફ કંપનીની ચોરસ બેગ જેની બેગ ખોલી જોતા તેમા એક નિકોન કંપનીનો D901 કેમેરો Sr. No. નથી તથા નીકોન કંપનીનો ૧૮/૭૦ એમ.એમ લેન્સ જેનો સીરીયલ નં.2862382 છે તેમજ ટાઇ.ફાઇ કંપનીનુ બેટરી ચાર્જર | કુલ મુદ્દામાલ કિ રૂ ૨૦,૭૦૦/- |
| ૭ | એક કાળા કલરની બેગ જેની બેગ ખોલી જોતા તેમા એક પાનાસોનીક કંપનીનો કેમેરો મોડલ નં AGAC કેમેરો જેનો Sr.no. L5TGB0318 તેમજ બે બેટરી ચાર્જર તથા પાંચ બેટરી તેમજ સીમ્પેક્ષ કંપનીની લાઇટ | કુલ મુદ્દામાલ કિ રૂ ૨૮,૫૦૦/- |
| ૮ | એક વાદળી કલરની લોવેપ્રો બેગ જેની ખોલી જોતા તેમા એક આર્મી કવરમા નિકોન કંપનીનો D7100 કેમેરો જેનો Sr.no. 7313134 તથા નિકોન કંપનીનો લેન્સ ૧૮/૧૪૦ એમ.એમ તેમજ નિકોન કંપનીનો લેન્સ ૭૦/૩00 એમ.એમ તેમજ એક બેટરી ચાર્જર તથા ત્રણ બેટરી તેમજ બે ફલેશ લાઇટ | કુલ મુદ્દામાલ કિ રૂ ૪૮,૫૦૦/- |
| ૯ | એક કાળા કલરની નિકોન બેગ જેની તે બેગ ખોલી જોતા તેમા નીકોન કંપનીનો ડી-૫૨૦૦ કેમેરા જેનો Sr.no.6194494 તથા નિકોન લેન્સ ૭૦/૩00 એમ.એમ તેમજ એક બેટરી ચાર્જર તથા એક બેટરી | કુલ મુદ્દામાલ કિ રૂ ૧૫,૬૦૦/- |
| ૧૦ | એક કાળા કલરની નિકોન બેગ જેની ખોલી જોતા તેમા નીકોન કંપનીનો ડી-૫૨૦૦ કેમેરો જેનો Sr.no.6458974 તથા નિકોન લેન્સ ૧૮/૧૪૦ તથા એક નિકોન કંપનીની ફ્લેશ લાઇટ તેમજ એક બેટરી ચાર્જર | કુલ મુદ્દામાલ કિ રૂ ૧૬,૩00/- |
| ૧૧ | એક કાળા કલરની નિકોન બેગ જેની તે બેગ ખોલી જોતા તેમા નીકોન કંપનીનો ડી-૫૨૦૦ કેમેરો જેનો Sr.no.9473747 તથા નિકોન લેન્સ ૧૮/૧૪૦ એમ.એમ | કુલ મુદ્દામાલ કિ રૂ ૧૫,૧૦૦/- |
| ૧૨ | એક કાળા કલરની નાની પાઉચ બેગ જેની બેગ ખોલી જોતા તેમા સોની કંપનીનો DCR-DVD-650 વીડીયો કેમેરો જેનો Sr.no.1720155 તથા કેમેરા ચાર્જર | કુલ મુદ્દામાલ કિ રૂ ૫,૧૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૩ | એક બેગ જોતા એક કેસરી તથા સફેદ કલરના પુઠ્ઠાના બોક્ષમા godox V1 (N) કંપનીની ફ્લેશ લાઈટ સેટ | કુલ મુદ્દામાલ કિ રૂ ૧૦,૦૦૦/- |
| ૧૪ | પાંચ કાળી મોટી લાંબી બેગમા કુલ ૯ ઘોડી સ્ટેંડ અને ચાર લાઇટ | કુલ મુદ્દામાલ કિ રૂ ૧૦,૦૦૦/- |
| | કુલ રૂપિયા | ૧૫,૨૬,૬૦૦/- |

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઃ**

પો.સબ.ઇન્સ પી.કે.ગોહિલ, મ.સ.ઇ. એમ.એ.વણકર, હે.કો. રાજેશકુમાર ધુળાભાઇ બ.નં ૯૮૮૩, પો.કો અનીરુધ્ધસિંહ બાલુસિંહ બ.નં ૬૨૩૨, અ.લો.ર. હરેશકુમાર બાબુલાલ બ.ન ૧૧૨૩૭



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## છ માસ આગાઉ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક્ટીવા તથા એક્સેસ ની ચોરી કરેલ એક આરોપીને કુલ્લે રૂ.૧,૧૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી “વાહન ચોરીના બે ગુના ડિટેક્ટ કરતી નરોડા સર્વેલંસ સ્ક્વોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુશંધાને પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કે.વાય.વ્યાસ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.કે.બી.રાઠોડ તથા સાથેના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન નરોડા સુતરના કારખાના પાસે આવતાં  સાથેના પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા એલ.આર. અનિલ કલસિંગભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે “નરોડા પો.સ્ટે.પાર્ટ-એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૮૫૧/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાના કામે ચોરી થયેલ એક કાળા કલરની એક્સેસ જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી તે એકસેસ સાથે એક ઇસમ નરોડા સ્મશાન તરફથી આવી અત્રે થઇ નરોડા ગેલેક્ષી તરફ જવાનો હોય” જે બાતમી હક્કિત આધારે સદર ઇસમને પકડીને સખતાઇથી પુછપરછ કરતાં પોતે છ માસ અગાઉ નરોડા કાકરીયા લેક ગેટ આગળથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ તથા વધુ પુછપરછ કરતાં તેઓએ છ માસ અગાઉ એક કાળા કલરની ૬જી એક્ટીવાની ચોરી કરેલાની કબુલાત કરેલ જે બાબતે નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૨૪૩/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબની ફરીયાદ દાખલ થયેલ હોય જેથી ઉપરોકત એકસેસ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા એકટીવા-૬-જી કિ.૭૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે સદર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરી વાહન ચોરીના નરોડા પોલીસ સ્ટેશનના વાહન ચોરીના કુલ બે ગુના શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તા-૦૪/૦૮/૨૦૨૨.

### આરોપીનુ નામ –

કુંતલ સ/ઓ દુષ્યંતભાઈ જાતે શાહ ઉ.વ ૧૯ ધંધો નોકરી રહે- મ.નં એફ/૯૩ સુમતીનાથ પ્રભુ સોસાયટી વ્યાસવાડી કેનાલ પાસે નરોડા અમદાવાદ શહેર

### શોધી કાઢેલ ગુના–

(૧) નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૨૪૩/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૩૭૯

(૨) નરોડા પો.સ્ટે.પાર્ટ-એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૮૫૧/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

## મુદ્દામાલ-

(૧) એક કાળા કલરની એકસેસ ની આગળ પાછળ જોતા નંબર પ્લેટ લગાવેલ ન હોય જેનો એ.નં AF211628706 જે એકસેસની કિ.રૂ ૩૦,૦૦૦/- ની ગણી શકાય તથા (૨) એક્ટીવા ની આગળ પાછળ જોતા નંબર પ્લેટ લગાવેલ ન હોય જેનો એ.નં JF91EW0385860 તથા ચે.નં ME4JF913JMW386406 જે એક્ટીવાની કિ.રૂ ૭૦,૦૦૦/- ની ગણી કુલ્લે ૧,૧૦,૦૦૦/-મુદામાલ

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્ક્વોડ પો.સબ.ઇન્સ.કે.બી.રાઠોડ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ તથા એ.એસ.આઇ.અરવિંદસિંહ ભીમસિંહ તથા હે.કો.સુરેશભાઇ હરજીવનભાઇ તથા હે.કો.રણજીતસિંહ પ્રતાપસિંહ તથા પો.કો.દિલીપભાઇ ભરતભાઇ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ તથા પો.કો.પંકેશકુમાર ધનાભાઇ તથા પો.કો.પીયુષ નટવરલાલ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ તથા પો.કો.વિજયભાઇ ખોડીદાસ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ તથા પો.કો.ધર્મપાલસિંહ કાળુસિંહ તથા પો.કો.દેવેંદ્રસિંહ નવિનસિંહ તથા પો.કો.મયુરધ્વજસિંહ અનિરુધ્ધસિંહ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ તથા પો.કો.વિક્રમ પ્રેમસિંહ તથા એલ.આર.અનિલ કલસિંગભાઇ તથા એલ.આર. અભિષેક અશ્વિનકુમાર






# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશનનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ શ્રી એ.આર.અસારી તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કૃષ્ણનગર નોબલ સ્કુલ ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ. વિક્રમસિંહ મહેન્દ્રસિંહ તથા અ.પો.કો. જયરાજસિંહ નરેન્દ્રસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે " કૃષ્ણનગર ગુજરાત હાઉસિંગના બ્લોક નં.આઇ/૮૪ તથા બ્લોક નં.આઇ/૮૫ ની વચ્ચેની ગલીમા અશોકભાઇ ઉર્ફે બટાકો નામનો વ્યક્તિ કેટલોક ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ રાખી કટીંગ કરવાનો છે અને હાલમા તેની પ્રવુતી ચાલુ છે " વિગેરે હકિકત આધારે સદરી બાતમી હકીકત વાળી જગ્યાએ વોચ તપાસ દરમ્યાન અશોકભાઇ ઉર્ફે બટાકો સ/ઓ લોકુમલ થાવરદાસ જાતે લાલવાણી ઉ.વ.૪૬ ધંધો વેપાર રહે બ્લોક નં-એ/૧૬/૧૯૦,ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર અમદાવાદ શહેર નાઓના કબજામાથી 750 મી.લી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની કુલ્લે બોટલો નંગ-૨૩૦ ના કિ.રૂ.૧,૨૧,૯૦૦/-ની ગણી તથા 180 મી.લી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ કવાટરની કુલ્લે બોટલો નંગ-૪૨૮ ના કિ.રૂ.૮૫,૬૦૦/-ની ગણી તમામ મુદ્દામાલની કુલ્લે કિ.રૂ.૨,૦૭,૫૦૦/-ની ગણી તથા સદરી પાસેથી મળી આવેલ એક રીયલમી કંપનીનો મોડલ નં.RMX3263 નો કાળા કલરનો મોબાઇલ ફોન જેની કિ.રૂ.૪,૦૦૦/-ગણી તમામ મુદામાલની કુલ્લે કિ.રૂ.૨,૧૧,૫૦૦/-ની મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હોય અને તપાસ જારી રાખી પ્રોહીબીશન નો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૦૩/૦૮/૨૦૨૨

**આરોપીનુ નામ:-** અશોકભાઇ ઉર્ફે બટાકો સ/ઓ લોકુમલ થાવરદાસ જાતે લાલવાણી ઉ.વ.૪૬ ધંધો વેપાર રહે બ્લોક નં એ/૧૬/૧૯૦ ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ:-**

750 મી.લી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની કુલ્લે બોટલો નંગ-૨૩૦ ના કિ.રૂ.૧,૨૧,૯૦૦ /-ની ગણી તથા 180 મી.લી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ કવાટરની કુલ્લે બોટલો નંગ-૪૨૮ ના કિ.રૂ.૮૫,૬૦૦/-ની ગણી તમામ મુદ્દામાલની કુલ્લે કિ.રૂ.૨,૦૭,૫૦૦/-ની ગણી તથા સદરી પાસેથી મળી આવેલ એક રીયલમી કંપનીનો મોડલ નં.RMX3263 નો કાળા કલરનો મોબાઇલ ફોન જેની કિ.રૂ.૪,૦૦૦/-મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

શ્રી એ.આર.અસારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૦૪૦૨ તથા અ.પો.કોન્સ સતીષકુમાર જયંતિલાલ બ.નં.૭૦૭૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં.૭૫૫૫ તથા અ.પો.કોન્સ વેલાજી હેમાજી બ.નં.૬૫૭૨ તથા અ.પો.કોન્સ ભગીરથસિંહ સજાભાઇ બ.નં.૫૧૫૭ તથા બીજા સ્ટાફના માણસો



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૪૧૭ લીટર દેશી દારૂ, ૨૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૪૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૬/૨૦૨૨**

**નિકોલઃ** પવનકુમાર રમેશભાઇ માંગુકીયા (ઉ.વ.૩૪) (રહે. કૈલાસધામ સોસાયટી વિભાગ-૧ ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.03/૦૮/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/03/૨૦૨૨ થી તા.૧૩/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ ખોડિયાર મંદિર પાસે સેલ પેટ્રોલપંપ સામે શ્રીક્રિષ્ના ટુરીઝમ ઓફિસ ખાતે આરોપી મયુરભાઇ હિમ્મતભાઇ શિરોયા (રહે.એરીએસ હાઈટસ વૃદાવન પાર્ટીપ્લોટ પાસે નિકોલ) એ પવનકુમાર માંગુકીયા પાસેથી પ્રવાસ પેકેજ પેટે રૂપિયા ૯,૩૨,000/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૭/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** પથિકભાઇ સ/ઓ હર્ષેન્દુભાઇ શુકલ (રહે. નંદનવન-૪ આંગન પાર્ટી પ્લોટ સામે જોધપુર ગામ રોડ સેટેલાઇટ) એ તા.03/૦૮/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૩૧/૦૭/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હેબતપુર ચાર રસ્તા એસ.જી.એચ પેલેડીયમ નામની નવી બનતી સાઇટ પર બેઝમેન્ટ-૧ ના સ્ટોરરૂમના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ સ્ટોરરૂમમાં પ્રવેશ કરી સ્ટોર રૂમમાંથી કોપર સ્ટીક પટ્ટી રોલ અને કોપર લેમીનેટેડ ફ્લેક્સેબલ કનેક્ટર મળી કિમત રૂપિયા ૧,૯૧,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રણજીતભાઈ મીઠાભાઈ સોની (ઉ.વ.૪૫) (રહે. કૃષ્ણ એસ્ટેટ ફલેટ નયનનગર કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.03/૦૮/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કૃષ્ણનગર નયનનગર મીઠાભાઈ જવેલર્સ નામની પોતાની દુકાનના ઉપરના માળનું શટર ગેસ કટરથી કાપી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી સોનાના દાગીના, સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. અને રોકડ રૂપિયા ૧,૩૦,000/- મળી કુલ રૂપિયા ૧,૯૫,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૮/૨૦૨૨**

**ઓઢવઃ** રામગહન રાજદેવ યાદવ (ઉ.વ.૫૩) (રહે. જયરાજ ફ્લેટ સોનીની ચાલી બ્રીજ પાસે ઓઢવ) તા.૦૨/૦૮/૨૦૨૨ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા બ્રીજ નિચે ગણેશ સાયકલ સ્ટોર નામની દુકાન સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ રામગહન યાદવના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ઝુંટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રામગહન યાદવે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૯/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** રવિભાઇ નામદેવરાવ વાનખેડે (ઉ.વ.૩૨)(રહે.શ્રીવેદાંત હોમ્સ શિરોમણી સોસાયટી સામે માધવ ફ્લેટ પાછળ બાપા સીતારામ ચોક) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૨ સાંજના ૫/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** સુરભીબહેન ડો/ઓ નવલસિંગ પરિહાર (ઉ.વ.૧૬)(રહે.પુષ્પાનગર ભગવતી સ્કુલ પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પોસઇશ્રી પી.સી.પરમાર ચલાવે છે.

**નિકોલઃ** ભીખાભાઇ વિરમભાઇ પટેલ (ઉ.વ.૫૪)(રહે.પાંચમાં માળે, શ્યામ એવન્યુ ફ્લેટ, એસ.પી. વસાણી સ્કુલ, ન્યુ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૨ ના રોજ નિકોલ એસ.પી.રીગ રોડ જેકપોટ પાર્ટી પ્લોટ સામે ઝેરી દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને બાપુનગર જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૮/૨૦૨૨ રાતના ૯/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

**રામોલઃ** દર્શાનબહેન વા/ઓ નિલેષભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે.સુમિનનગર ભાવના સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી